# દિલ્હી-NCRમાં CNG 3.89 મોંઘો

**દિલ્હીમાં** સીએનજીનો ભાવ વધીને હવે પ્રતિ કિલો રૂ. 86.98 થયો

નવી દિલ્હી, તા. 29 (PTI): ઈન્દ્રપ્રસ્થ ગેસ લિમિટેડે (આઈજીએલ) શનિવારે દિલ્હીમાં કમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (સીએનજી)ના ભાવમાં પ્રતિ કિલો રૂ. 3.89નો વધારો કર્યો છે. પશ્ચિમ એશિયાના નવેસરથી શરૂ થયેલા સંકટ અને હોર્મુઝ સામુદ્રધુની દ્વારા ગેસ કાર્ગોની અવરજવરમાં વિક્ષેપને પગલે આંતરરાષ્ટ્રીય સ્તરે એલએનજીના ભાવમાં તીવ્ર વધારાને આ માટે જવાબદાર ગણાવવામાં આવ્યો છે.

29 ઓગસ્ટના રોજ સવારે 6 વાગ્યાથી અમલી બનેલા આ વધારા સાથે દિલ્હીમાં સીએનજીનો ભાવ અગાઉના પ્રતિ કિલો રૂ. 83.09થી વધીને રૂ. 86.98 થયો છે.

આ વધારા સાથે આ વર્ષે દિલ્હીમાં સીએનજીના ભાવમાં કુલ મળીને પ્રતિ કિલો રૂ. 10 જેટલો વધારો થયો છે. વર્ષની શરૂઆતમાં દિલ્હીમાં સીએનજીનો ભાવ પ્રતિ કિલો રૂ. 77.09 હતો. મે મહિનાના બીજા પખવાડિયામાં ચાર હપ્તામાં પ્રતિ કિલો રૂ. 6નો વધારો કરવામાં આવ્યો હતો, જેનાથી શનિવારના વધારા પહેલાં ભાવ પ્રતિ કિલો રૂ. 83.09 પર પહોંચી ગયો હતો.

નોઈડા અને ગાઝિયાબાદ જેવા અડીને આવેલા શહેરોમાં પણ ભાવ વધારવામાં આવ્યા છે. નોઈડામાં હવે સીએનજીનો ભાવ પ્રતિ કિલો રૂ. 95.59, ગાઝિયાબાદમાં રૂ. 95.59 અને ગુરુગ્રામમાં રૂ. 92.01 છે.

વેટ જેવા સ્થાનિક કરવેરાના આધારે વિવિધ રાજ્યોમાં દર અલગ-અલગ હોય છે.

દિલ્હીમાં રસોઈ માટે ઘરોના રસોડા સુધી પાઈપ દ્વારા પહોંચાડવામાં આવતા નેચરલ ગેસ (પીએનજી)નો ભાવ પ્રતિ સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર રૂ. 49.59 પર યથાવત રાખવામાં આવ્યો છે.



# કીવ નજીક રશિયાનો ભયાનક બોમ્બમારો: 37 લોકોનાં મોત

**ગોડાઉન** પર વિસ્ફોટ બાદ 50થી વધુ મકાનો ભસ્મીભૂત

**રહેણાંક** વિસ્તાર નજીક દારૂગોળાનું ગોડાઉન રાખવા બદલ ફોજદારી કાર્યવાહીનો આદેશ

કીવ, તા. 29 (AP) યુક્રેનની રાજધાની કીવ નજીક રશિયન હુમલામાં ઓછામાં ઓછા 37 લોકો માર્યા ગયા છે. એમ અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું. આ વર્ષે યુક્રેન પર થયેલા સૌથી ભયાનક હુમલાઓમાંથી આ એક છે.

સ્થાનિક પ્રાદેશિક સૈન્ય વહીવટીતંત્રના વડા ટાઈમુર ત્કાચેન્કોએ જણાવ્યું હતું કે, કીવની પશ્ચિમે આવેલા બુચા જિલ્લામાં આ હુમલાને કારણે આગ લાગી હતી, જે ઘરોમાં ફેલાઈ ગઈ હતી અને ઓછામાં ઓછી 50 રહેણાક ઈમારતોને નુકસાન થયું હતું.

આ હુમલા અંગેના એક નિવેદનમાં યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદોમિર ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે, "માઈલા ગામમાં એક ગોડાઉન પર હુમલો થયો હતો, જેના પછી વિસ્ફોટ થયો હતો." તેમણે આ સ્થળ વિશે વિગતવાર માહિતી આપી ન હતી, પરંતુ એ જ સંદેશમાં લખ્યું હતું કે, યુક્રેનનો કાયદો નાગરિકોનાં ઘરો નજીક દારૂગોળો રાખવાની મનાઈ ફરમાવે છે અને આ અંગે ફોજદારી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

ઝેલેન્સ્કીએ કહ્યું, "જેમણે આ થવા દીધું તેઓને તેમના નિર્ણયો માટે જવાબદાર ગણવામાં આવવા જોઈએ."

યુક્રેનના નેતાએ એ પણ લખ્યું કે વૃદ્ધો અને વિકલાંગ લોકો માટેના કેર હોમને નુકસાન થયું છે અને આ વિસ્તારમાંથી સ્થળાંતર ચાલુ છે.

યુક્રેનના વડા પ્રધાન સેરહી કોરેત્સ્કીએ પણ નિશાનો બનાવાયેલા ગોડાઉન વિશે માહિતી આપી ન હતી, પરંતુ જુલાઈની શરૂઆતમાં કીવના ઉપનગરીય વિસ્તાર વિશ્નેવ પર થયેલા હુમલાનો ઉલ્લેખ કર્યો હતો, જેણે દારૂગોળાના ડેપો પર પ્રહાર કર્યો હતો, જેમાં 22 લોકો માર્યા ગયા હતા અને મોટા વિસ્ફોટો અને આગ ફાટી નીકળી હતી જેણે નજીકના ઘરોને લપેટમાં લીધા હતા.

# મુરલી મનોહર જોશીના મોદી સરકાર પર તીખા પ્રહારો

**જોશીએ** મોદી સરકારની શિક્ષણ નીતિ, બજેટ અને વહીવટી પ્રાથમિકતાઓ પર તીખા સવાલો કર્યા

નવી દિલ્હી, તા. 29: ભારતીય જનતા પાર્ટીના સંસ્થાપકોમાંથી એક, પૂર્વ કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી અને 'માર્ગદર્શક મંડળ'ના સભ્ય ડૉ. મુરલી મનોહર જોશીએ કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારની શિક્ષણ નીતિ, બજેટ અને વહીવટી પ્રાથમિકતાઓ પર તીખા સવાલો ઊભા કર્યા છે.

એક ઈન્ટરવ્યુમાં ડૉ. જોશીએ પેપર લીક, શિક્ષણનું વ્યાપારીકરણ, બજેટમાં કાપ અને 'વિકસિત ભારત'ના દૃષ્ટિકોણ પર સરકારને શરમજનક સ્થિતિમાં મુકી છે.

પેપર લીકની ઘટનાઓને માત્ર પરીક્ષા પ્રણાલીની નિષ્ફળતા માનવાને બદલે ડૉ. જોશીએ તેને સમાજ અને શાસનમાં વધતા ભ્રષ્ટાચાર સાથે જોડી હતી.

જોશીએ કહ્યું કે, જ્યારે વિદ્યાર્થીઓ જુએ છે કે શિક્ષકોની નિમણૂકો લાંચ આપીને થઈ રહી છે અને દરેક ક્ષેત્રમાં પૈસાની બોલબાલા છે તો તેઓ પણ ખોટો રસ્તો અપનાવવામાં સંકોચ કરતા નથી. ડૉ. જોશીએ કહ્યું, "હું ખૂબ જ વિનમ્ર ભાવે પૂછું છું કે, વાજપેયીજીના સમયે પેપર લીક કેમ નહોતા થતા?" તેમણે આગળ ઉમેર્યું કે આજે બેંકો અને વેપારમાં કૌભાંડો થઈ રહ્યા છે, સરકાર ખુદ કૌભાંડોમાં ફસાયેલી છે તો તેની અસર શિક્ષણ અને વિદ્યાર્થીઓ પર પણ પડે છે.

પેપર લીક રોકવા માટે સરકાર દ્વારા વિમાનો, સેના અને સુરક્ષા એજન્સીઓના ઉપયોગની કવાયત પર કટાક્ષ કરતાં જોશીએ કહ્યું, "એવું લાગે છે જાણે આ પરીક્ષા નથી, યુદ્ધ છેડાઈ ગયું હોય!"

ડૉ. જોશીએ સરકારની પ્રાથમિકતાઓ પર સવાલ ઉઠાવતાં કહ્યું હતું કે, પ્રાથમિક શિક્ષણ અને આરોગ્યનું બજેટ સતત ઘટી રહ્યું છે, જ્યારે રસ્તાઓ અને માર્ગ પરિવહન પર ખર્ચ વધારવામાં આવી રહ્યો છે.

## સા રે ગ મ — અનિલ આનંદ

### નવો રાજકીય આઇકોન




યુવા અને વિદ્યાર્થી-કેન્દ્રિત આંદોલનો ઘણીવાર બહુપરિમાણીય બની જાય છે અને તે વાજબી પણ છે. કારણ કે, યુવાનોને મુખ્ય પ્રેરક બળ માનવામાં આવે છે અને ચૂંટણી પર આધારિત લોકશાહી શાસનવ્યવસ્થામાં તેઓ સૌથી પ્રભાવશાળી મતદાર સમૂહ છે. એ સ્વાભાવિક છે કે, આવાં આંદોલનો નવા રાજકીય ચહેરાઓને પણ જન્મ આપે છે. 'કોકરોચ જનતા પાર્ટી' દ્વારા પ્રેરિત અને 'જેન-ઝી' વિરોધ પ્રદર્શન તરીકે ઓળખાયેલા આ આંદોલનમાં મુખ્યત્વે વિદ્યાર્થીઓ, યુવાનો અને સ્વાભાવિક રીતે તેમનાં માતા-પિતા તથા સગા-સંબંધીઓ છવાયેલા રહ્યા, પરંતુ રાજકીય પક્ષો અને રાજકારણીઓએ પોતાની છબી (સારી કે ખરાબ) મુજબ, આમાં પણ પોતાના માટે જગ્યા બનાવી લીધી. યુવા પ્રદર્શનકારીઓ અને તેમના થકી સમગ્ર 'જેન-ઝી' સાથે જોડાવાના તેમના પ્રયાસો પડદાની આગળ અને પાછળ બંને જગ્યાએ જોવા મળ્યા. સમગ્ર રાજકીય ક્ષેત્રમાંથી ઉત્તર પ્રદેશની સમાજવાદી પાર્ટીએ જંતર-મંતરના આ વિરોધ પ્રદર્શનોમાંથી એક નવો રાજકીય ચહેરો શોધી કાઢ્યો. સાડી પહેરેલાં ડિમ્પલ યાદવ (સંસદસભ્ય અને પાર્ટી પ્રમુખ અખિલેશ યાદવનાં પત્ની) આઇકોન સાબિત થયાં. બે બાળકોની માતા હોવાના નાતે તેમણે અચોક્કસ મુદતની ભૂખ હડતાળ પર બેઠેલા કે પોલીસ કાર્યવાહીમાં ઘવાયેલા યુવાનો પર માતૃત્વનો પ્રેમ વરસાવવાની એક પણ તક જતી ન કરી. આનાથી તેમણે પ્રશંસા મેળવી અને પાર્ટીને એક નવો ચહેરો મળ્યો.

### અપશુકનિયાળ ખુરશી: રાજકીય કટાક્ષ



અપશુકનિયાળ ઘર, અપશુકનિયાળ ઓફિસ અને અપશુકનિયાળ ખુરશી પણ! આ બાબતો કેટલાક લોકો માટે અંધશ્રદ્ધા કે માન્યતાનો વિષય બની ગઈ છે અને જ્યારે આના કેન્દ્રમાં કે કોઈ રાજ્યમાં મંત્રી હોય, ત્યારે 'અપશુકન' શબ્દ આસ્થાનો વિષય બની જાય છે. માત્ર એક અપશુકનિયાળ ખુરશીના કારણે પોતાનું મંત્રાલય શા માટે ગુમાવવું? પોતાના રાજકીય પ્રતિસ્પર્ધી કે હરીફ પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરવાની સાથે આ થિયરીનો ઉપયોગ કેવી રીતે કરવો? આ એક કળા છે જેના માટે કોઠાસૂઝ અને ક્યારેક મજબૂત મનોબળની જરૂર પડે છે. તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ નવા કેન્દ્રીય શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશીને શુભેચ્છા સંદેશ મોકલતી વખતે આ થિયરીનો ઉપયોગ કર્યો હતો. સીએમએ તેમના શુભેચ્છા સંદેશમાં કહ્યું હતું કે, ''હું આશા રાખું છું કે તમારી હાલત 2024થી આ મંત્રાલય સંભાળનારા તમારા પુરોગામીઓ જેવી નહીં થાય.'' રેડ્ડીએ કટાક્ષ કરતાં કહ્યું, ''સ્મૃતિ ઈરાની, પ્રકાશ જાવડેકર અને હવે ધર્મેન્દ્ર પ્રધાન... લાગે છે કે જે કોઈ પણ એ ખુરશી પર બેસે છે, તેનું રાજકીય ભવિષ્ય બગડી જાય છે.''

### ચોમાસાની રજાઓ: ફેસબુક પર 'ચેચી' પ્રત્યે પ્રેમ


જાહેર જનતામાં, ખાસ કરીને શાળાએ જતા બાળકોમાં પ્રિય અથવા સૌથી વહાલા અધિકારી કે અમલદાર કેવી રીતે બનવું? ના, એના માટે તમારી વ્યાવસાયિક કાર્યક્ષમતા કે આર્થિક સંકટ જેવી લોકોની જ્વલંત સમસ્યાઓ ઉકેલવાના દયાળુ અભિગમની જરૂર નથી. આ કંઈક અલગ છે, જે કદાચ વિચિત્ર લાગે, પણ કેરળના એક અધિકારીના કિસ્સામાં ચોક્કસ કામ કરી ગયું છે. કેરળમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો હોવાથી શાળાઓ અને કોલેજોમાં સતત રજાઓ પડી રહી છે. શાળાનાં બાળકો આવી જાહેરાતોનો સૌથી વધુ આનંદ માણે છે. એર્નાકુલમમાં ત્યાંનાં કલેક્ટર જી. પ્રિયંકા દ્વારા સૌથી વધુ રજાઓ જાહેર કરવામાં આવી હોવાથી બાળકોએ તેમના ફેસબુક પેજ પર તેમની પ્રશંસા કરવાનું શરૂ કરી દીધું છે. કેટલાક તેમને 'ચેચી' (મોટી બહેન) તો કેટલાક પ્રેમ અને કૃતજ્ઞતાથી 'આંટી' કહીને સંબોધિત કરી રહ્યાં છે.

# RSS પર પ્રતિબંધની માંગ કરનાર અમેરિકી પેનલનું વલણ બદલાયું

**અમેરિકી** ધાર્મિક સ્વતંત્રતા સમિતિના વડાએ કહ્યું કે અમે આરએસએસ વડા સાથે બેઠક યોજવા તૈયાર છીએ

**જો તેઓ** કેટલીક ખાતરીઓ આપી શકે તો અમે અમારા વિચાર બદલી શકીએ

**ભાગવત** ન્યૂયોર્કમાં વિશ્વના પ્રથમ ઇસ્કોન સેન્ટરની મુલાકાતે ગયા



વૉશિંગ્ટન, તા. ૨૯: અમેરિકી ધાર્મિક સ્વતંત્રતા પેનલ(USCIRF)ના વડા ડૉ. આસિફ મહમૂદે, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પર પ્રતિબંધ મૂકવાની માંગ કર્યાના ગણતરીના દિવસોમાં જ, RSS વડા મોહન ભાગવત સાથે બેઠક કરવા માટે તૈયાર હોવાનું જણાવ્યું છે.

અમેરિકા કમિશન ઓન ઈન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમ(USCIRF), જે એક દ્વિપક્ષીય ફેડરલ એજન્સી છે, તેણે મોહન ભાગવતની અમેરિકા મુલાકાત પહેલાં RSS સામે પ્રતિબંધો મૂકવાની માંગ કરી હતી. પરંતુ હવે તેના અધ્યક્ષ ડૉ. મહમૂદે સંવાદ માટે પોતાની ખુલ્લી મનશા વ્યક્ત કરી છે. અહેવાલ અનુસાર ડૉ. મહમૂદે જણાવ્યું હતું કે જો તક મળે તો હું ચોક્કસપણે તેમની સાથે બેસવા તૈયાર છું. અમે વાતચીત કરવાની કોઈ તક ક્યારેય જતી કરતા નથી. જો કંઈપણ ગોઠવી શકાય, તો અમને તેમની સાથે બેસવામાં, વધુ વાતચીત કરવામાં અને વધુ જાગૃતિ લાવવામાં આનંદ થશે. કદાચ તેઓ આપણને કેટલીક ખાતરીઓ કે ગેરંટી આપી શકે, જેનાથી અમે અમારો વિચાર બદલી શકીએ. ડૉ. મહમૂદે ઉમેર્યું હતું કે USCIRFનો ઉદ્દેશ્ય "કોઈને નુકસાન પહોંચાડવાનો નથી", પરંતુ "જે-તે દેશ અને સમાજમાં દમનનો શિકાર બનેલા લોકોનું ભલું કરવાનો છે." USCIRF એ યુએસ સરકારની એક સંસ્થા છે જે વિશ્વભરમાં ધાર્મિક સ્વતંત્રતા પર નજર રાખે છે અને બિન-બંધનકર્તા નીતિ વિષયક ભલામણો રજૂ કરે છે.

દરમ્યાન, સંઘ વડા મોહન ભાગવતે શુક્રવારે ન્યૂયોર્કમાં વિશ્વના પ્રથમ ઈસ્કોન સેન્ટરની મુલાકાત લીધી હતી. મંદિરમાં ભક્તોને સંબોધિત કરતી વખતે તેમણે કહ્યું કે આજે વિશ્વમાં અનેક પ્રકારના સંઘર્ષો ચાલી રહ્યા છે.

આવા સમયે 'કૃષ્ણ ચેતના' શાંતિ લાવી શકે છે. તેમણે ઉમેર્યું કે દુનિયામાં ભલે અલગ-અલગ પ્રકારની વિવિધતાઓ, મતભેદો અને સંઘર્ષો હોય, પરંતુ જો લોકોને એ સમજાવવા લાગે કે બધું જ કૃષ્ણનો જ એક ભાગ છે, તો વિશ્વમાં વધુ સારો અને શાંતિપૂર્ણ માહોલ બનાવી શકાય છે.

# નેપાળના પૂરમાં તણાઈને આવ્યું બેંક-લોકર

**લોકોએ** કાઢી લીધા 92 લાખ કેશ; 29ની ધરપકડ

**નેપાળના** પૂરમાં માનવતા શર્મસાર

**મૃતદેહના** કાનમાંથી સોનાની બુટ્ટીઓ ચોરનારા પણ પકડાયા



કાઠમંડુ, તા. 29: નેપાળમાં વિનાશકારી પૂરના હાહાકાર વચ્ચે માનવતાને શર્મસાર કરતી ઘટનાઓ પણ સામે આવી છે. રસુવા વિસ્તારમાંથી ભોટેકોશી નદીના તીવ્ર વહેણમાં તણાઈને ત્રિશૂલી નદી સુધી પહોંચેલા એક બેંકના લોકરને તોડીને પૈસા ચોરવાના આરોપમાં પોલીસે 29 લોકોની અટકાયત કરી છે. આ સાથે જ પૂરના પાણીમાં તણાઈને આવેલી એક મૃત મહિલાના કાનમાંથી સોનાની બુટ્ટીઓ ચોરવાના આરોપમાં બે અન્ય લોકોની પણ ધરપકડ કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રસુવા જિલ્લાના ભોટેકોશી વિસ્તારમાંથી પૂરના ઝડપી પાણીમાં બેંકની એક ભારે તિજોરી તણાઈ ગઈ હતી. પાછળથી આ લોકર ધાદિંગ જિલ્લાના ગલ્છી ગામપાલિકા-4 સ્થિત બેલખૂખોલા પાસે ત્રિશૂલી નદીના કિનારે તણાઈને આવી ગયું હતું. ધાદિંગ પોલીસને માહિતી મળી હતી કે, સ્થાનિક લોકો નદી કિનારે પડેલા આ લોકરને તોડીને તેમાં રાખેલા પૈસા કાઢી રહ્યા છે. માહિતી મળતાં જ નેપાળ પોલીસ અને સશસ્ત્ર પ્રહરી બળની સંયુક્ત ટીમે ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

પોલીસે ઝડપી કાર્યવાહી કરીને ઘટનાસ્થળેથી 29 લોકોની અટકાયત કરી લીધી છે. તેમની પાસેથી 92,68,505 નેપાળી રૂપિયાની રોકડ રકમ રિકવર કરવામાં આવી છે. ધાદિંગ પોલીસના જણાવ્યા અનુસાર, પકડાયેલા મોટા ભાગના આરોપીઓ ગલ્છી-4ના માસ્ટર ગામના રહેવાસી છે. કેટલાક આરોપીઓ ગલ્છી-6ના આદમઘાટ અને સિદ્ધલેખ-7ના આદમટારના રહેવાસી છે.

## પેજ3

### કૃતિ સેનન બાદ રક્ષાબંધનમાં ડીપ-નેક આઉટફિટ માટે સેલિના જેટલી ટ્રોલ થઈ



મુંબઈ, તા.29: રક્ષાબંધનની એક જાહેરાતમાં તેના લુક માટે કૃતિ સેનન ટ્રોલ થયાના દિવસો બાદ હવે અભિનેત્રી સેલિના જેટલી પણ તહેવારના પોતાના પોશાકને લઈને ઓનલાઇન ટીકાઓનો ભોગ બની છે. મુંબઈમાં રક્ષાબંધનના એક કાર્યક્રમમાં ફ્લોરલ સાડી સાથે ડીપ-નેક લાલ બ્લાઉઝ પહેરીને હાજરી આપ્યા બાદ સેલિનાને સોશિયલ મીડિયા પર નિશાન બનાવવામાં આવી હતી.

એક્સ પર 44 વર્ષીય અભિનેત્રીનો એક વીડિયો શેર કરતાં એક યુઝરે તેના આઉટફિટની ટીકા કરી હતી અને હિંદુ તહેવાર માટે તેની યોગ્યતા સામે સવાલો ઉઠાવ્યા હતા. પોસ્ટમાં બિંદી, સિંદૂર, બંગડીઓ અને અન્ય પરંપરાગત ચીજ-વસ્તુઓની ગેરહાજરી તરફ પણ ઈશારો કરવામાં આવ્યો હતો અને આ લુકને ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓનું અનાદર ગણાવવામાં આવ્યો હતો.

### ઇમરાન હાશ્મીને સ્વાઇન ફ્લૂ થયો



મુંબઈ, તા. 29: બોલિવૂડ એક્ટર ઇમરાન હાશ્મી સ્વાઇન ફ્લૂ (એચ1એન1)ની ઝપેટમાં આવી ગયા છે. તેમની છેલ્લા કેટલાક દિવસોથી તબિયત ખરાબ હતી. તાજેતરમાં એચ1એન1નો ટેસ્ટ કરાવ્યા બાદ તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ઇમરાન હાશ્મી છેલ્લા કેટલાક દિવસોથી સતત ટ્રાવેલ કરી રહ્યો હતો. તે રાંચી પણ ગયો હતો. તેમની તબિયત સતત બગડી રહી હતી. તબિયત સારી ન હોવાથી તેમણે એચ1એન1નો ટેસ્ટ કરાવ્યો હતો, જેનો રિપોર્ટ ગઈ કાલે શુક્રવારે પોઝિટિવ આવ્યો હતો. ડોક્ટરોએ ઇમરાન હાશ્મીને આરામ કરવા અને જરૂરી સાવચેતી રાખવાની સલાહ આપી છે. એક્ટર ઇમરાન હાશ્મીના એક્સક્લુઝિવ મેડિકલ રિપોર્ટ મુજબ ટેસ્ટ રિઝલ્ટ પોઝિટિવ છે.

### કુકુ કોહલીની પ્રાર્થના સભા: અરુણા ઈરાની ભાંગી પડ્યાં



મુંબઈ, તા. 29 : પીઢ અભિનેત્રી અરુણા ઈરાની તેમના દિવંગત પતિ અને ફિલ્મ-નિર્માતા કુકુ કોહલીની પ્રાર્થના સભામાં ખૂબ જ ભાવુક થઈ ગયાં હતાં, જે 29 ઓગસ્ટે મુંબઈના અંધેરી વેસ્ટમાં આવેલા સેલિબ્રેશન સ્પોર્ટ્સ ક્લબ ખાતે યોજાઈ હતી. અજય દેવગનની ડેબ્યૂ ફિલ્મ 'ફૂલ ઔર કાંટે'નું નિર્દેશન કરવા માટે જાણીતા કોહલીનું 25 ઓગસ્ટે 77 વર્ષની વયે હાર્ટ એટેક આવ્યા બાદ નિધન થયું હતું. પ્રાર્થના સભામાં અરૂણા ઈરાની સફેદ કપડાંમાં અને માથા પર દુપટ્ટો ઓઢેલ જોવા મળ્યાં હતાં. ઈરાની પરિવારના સભ્યો સાથે સ્થળ પર પહોંચ્યાં ત્યારે પોતાનાં આંસુ રોકવા માટે સંઘર્ષ કરતાં જોવાં મળ્યાં હતાં. હિન્દી ફિલ્મ ઉદ્યોગના અનેક સભ્યોએ ફિલ્મ નિર્માતાને પોતાની અંતિમ શ્રદ્ધાંજલિ આપવા માટે કુકુ કોહલીની પ્રાર્થના સભામાં હાજરી આપી હતી. વિકી કૌશલ અને કેટરીના કૈફ, વિકીના પિતા અને પીઢ એક્શન ડિરેક્ટર શામ કૌશલ સાથે પહોંચ્યા હતા.

### મોસ્ટ સેક્યુલર? ઈસુના પેઇન્ટિંગ સાથે સલમાન ખાન-અર્પિતાનું રાખી સેલિબ્રેશન વાયરલ



મુંબઈ, તા. 29: સલમાન ખાને તેમની બહેનો અલવિરા અગ્નિહોત્રી અને અર્પિતા ખાન શર્મા સાથે રક્ષાબંધનના ખાસ અવસરની ઉજવણી કરી હતી અને આ અભિનેતાના રાખી સેલિબ્રેશનના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. શુક્રવારે પાપારાઝી દ્વારા સ્પોટ કરવામાં આવતાં સલમાન તેમની રાખડીઓ દર્શાવતાં જોવા મળ્યો હતો. અન્ય એક ક્લિપમાં અર્પિતાએ જીસસ (ઈસુ)ના પેઇન્ટિંગ સામે તેના ભાઈને રાખડી બાંધી હતી, જેણે ચાહકોનું ધ્યાન ખેંચ્યું હતું. એક વીડિયોમાં સલમાન રક્ષાબંધનના રોજ શુક્રવારે મોડી બપોરે જોવા મળ્યો હતો. જ્યારે પાપારાઝી બૂમ પાડીને તેમનું નામ બોલ્યો ત્યારે અભિનેતાએ સ્મિત અને હાથ હલાવીને જવાબ આપ્યો. કારમાં બેસતાં પહેલાં સલમાને પાપારાઝી સામે પોતાના રાખડીથી ભરેલું કાંડું બતાવ્યું હતું. તેમના કપાળ પર ટીકો પણ લગાડેલો હતો.

### સમય રૈના ફરી વિવાદોમાં: બિહારીઓ અને કાશ્મીરી પંડિતો પર ટિપ્પણીથી હોબાળો

મુંબઈ, તા. 29: કોમેડિયન સમય રૈના ફરી એકવાર વિવાદોમાં ઘેરાઈ ગયો છે. તેમના શો 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'ના નવા એપિસોડમાં બિહાર અને કાશ્મીરી પંડિતોને લઈને કરવામાં આવેલી કથિત ટિપ્પણીઓના વીડિયો વાયરલ થયા બાદ વિરોધ શરૂ થઈ ગયો છે. ભાજપના ધારાસભ્ય રામ કદમે રૈના પર વિવાદિત નિવેદન આપીને મફતમાં પબ્લિસિટી મેળવવાનો આરોપ લગાવ્યો છે. સમય રૈનાએ શુક્રવારે 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'ની સીઝન-2નો નવો એપિસોડ રિલીઝ કર્યો હતો. તેના કેટલાક ભાગ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થવા લાગ્યા. જેમાં રૈના અને સ્ટેન્ડઅપ કોમેડિયન શેરોન વર્મા વચ્ચે તેમના મૂળ સ્થાનોને લઈને થયેલી વાતચીત પણ સામેલ હતી. શેરોન વર્મા બિહારથી છે, જ્યારે સમય રૈના કાશ્મીરી પંડિત પરિવારમાંથી આવે છે. આ વાતચીતથી જ વિવાદ શરૂ થયો.